# જવાન પરના જીવલેણ હુમલાના ૯ આરોપીઓને મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરાયા

**ભિલોડાના મલેકપુરમાં જુથ અથડામણમાં ટોળાએ બી.એસ.એફ. જવાન સહિત બે યુવકો ઉપર જીવલેણ ઘાતકી હુમલો કર્યો હતો : હુમલા વીથ હત્યાના ૯ આરોપીઓને પોલીસએ મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કર્યા : મેજીસ્ટ્રેટએ ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા**

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મલેકપુર ગામમાં ૬ઠ્ઠી ફેબ્રુઆરીના રોજ સમી સાજે સામાજીક સામાન્ય અદાવતમાં બાઈક સવાર યુવકો ઉપર જીવલેણ હથીયારો વડે હુમલો કરાયો હતો. જુથ અથડામણમાં ટોળાએ બી.એસ.એફ. જવાન સહિત બે યુવકો ઉપર જીવલેણ



ઘાતકી હુમલો કર્યો હતો. બી.એસ.એફ. જવાનનું સારવાર દરમ્યાન મોત નિપજતાં હુમલા વીથ હત્યાના ૯ આરોપીઓને પોલીસએ ધરપકડ કરીને મેજીસ્ટ્રેટ સમક્ષ ગત રોજ સમી સાંજે રીમાન્ડ મેળવવા માટે રજુ કર્યા હતા. મેજીસ્ટ્રેટએ આરોપીઓના ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.

મલેકપુર ગામમાં જુથ અથડામણમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બી.એસ.એફ. જવાનનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજતાં પરીવારજનો, સગાં-સબંધીઓ સહિત ભિલોડા પંથકમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. આર્મી જવાનનું સામાન્ય અદાવતમાં જુથ અથડામણ દરમ્યાન કરૂણ મોત નિપજતાં જવાનની ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિધિ કરાઈ હતી.

બીએસએફ જવાન રવિન્દ્રભાઈ પ્રફુલ્લભાઈ ગામેતી (ઉંમર વર્ષ-૨૯) તેઓ જમ્મુ-કાશ્મીર રાજયના શ્રીનગરમાં બી.એસ.એફ.માં ફરજ બજાવતા હતા. આર્મી જવાન માદરે વતનમાં રજા પર આવ્યા હતા. ભિલોડા રીલાયન્સ પેટ્રોલ પંપમાં બાઈકમાં પેટ્રોલ ભરાવીને ઘર તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન હુમલાખોરો અને હત્યારાઓ (૧) અજયભાઈ સુરમાભાઈ નિનામા (૨) કિર્તીભાઈ દિલીપભાઈ સડાત (૩) અજયભાઈ દિલીપભાઈ સડાત (૪) યશપાલભાઈ નિનામા (૫) મહેશભાઈ હિરાભાઈ ખરાડી (૬) વિશાલભાઈ કાવજીભાઈ ખરાડી (૭) વિજયભાઈ રતુભાઈ ખરાડી (૮) પ્રદિપભાઈ કાંતીભાઈ નિનામા (૯) નટુભાઈ વાલજીભાઈ નિનામા તમામ રહેવાસી. મલેકપુર, વેજપુરના આરોપીઓને પોલીસએ જેલના હવાલે કર્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અન્ય નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસએ સઘન કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.જી.વસાવાએ જણાવ્યું હતું કે જુથ અથડામણ અને સામુહિક જીવલેણ ખુની હુમલાના બનાવ સંદર્ભે ૯ આરોપીઓની ધરપકડ કરાઈ છે.બાકીના આરોપીઓને ઝડપી લેવા માટે સઘન કાર્યવાહી હાથ ધરાઈ છે. આરોપીઓના રીમાન્ડ મંજુર કરાવવા સારૂ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર કર્યા હતા. મેજીસ્ટ્રેટએ આરોપીઓના ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે. હુમલા વીથ હત્યાના બનાવ સંદર્ભે સામાન્ય અદાવતનું કારણ શું છે તેની વધુ તપાસ શરૂ છે.

# ગૌશાળાની ગાયો માટે ઘાસ આપી દિકરીના પ્રસંગને ઉદાહરણીય બનાવ્યો

**ભિલોડા તાલુકાના દહેગામડા ગામમાં દિકરીના લગ્ન પહેલા ગૌ-શાળામાં ગાયો માટે એક ટ્રેક્ટર ભરીને ઘાસ આપીને દિકરીના પિતાનું સમાજમાં સરાહનીય પગલું**



વાત જાણે છે એમ છે કે દેહગામડા ગામના વતની રાજપુત જાડેજા ભારતસિંહ વખતસિંહના સુપુત્રી કૌશલ્યાકુવરબાના લગ્ન ૧૪મી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ છે. હિન્દુ ધર્મ અનુસાર ગૌ-સેવા થી મોટી કોઇ સેવા નથી હિન્દુ ધર્મ માં ગાયને માતા માનવામાં આવે છે. ગાય પાળવાથી ઘરમાં શાંતિ મળે છે.ભગવાન શ્રી કિષ્ણ તથા લક્ષ્મી માતાજી નો સિધો આશિર્વાદ મળે છે. ગાય માતાને સંપુર્ણ દેવી-દેવતાઓની સાથે સંબંધ હોવાનુ કેહવામાં આવે છે. દિકરી અને ગાય દોરે ત્યાં જાય એ કેહવત પ્રમાણે દેહગામડા ગામમાં રાજપુત જાડેજા સમાજના ભારતસિંહની સુપુત્રી કૌશલ્યાકુવરબા લગ્ન ૧૪મી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ છે તો કન્યા દાન પેહલા ગૌ - દાન પછી કન્યા દાન એવુ વિચારીને દિકરીના માતા - પિતાએ ૧૩મીને ગુરૂવારના રોજ શામળાજી વિષ્ણું મંદિર ટ્રસ્ટ સંચાલિત ગૌ-શાળામાં લીલો અને સુકો ઘાસ ચારો એક ટ્રેક્ટર ભરીને દાન કાર્યુ હતું. જાડેજા ભારતસિંહએ સમાજમાં આ એક નવિન મેસેજ આપ્યો હતો. તેમને જણાવ્યા અનુસાર દિકરી અથવા દિકરાના લગ્ન પહેલા ગૌ-દાન કરવું જોઈએ. લોકો અત્યારે ગાયો ઘરે પાળી તો શકતા નથી પણ ગૌ-શાળામાં જઈને ગાયો માટે બને તેટલું દાન કરવુ જોઈએ તેવી દિકરીના બાપ તરીકે લોકોને અપીલ કરી હતી કે વધારેમાં વધારે લોકો ગૌ-દાન કરે અને ગૌ-રક્ષા કરે તેમ જણાવ્યું હતું. ગાય માટે જે લોકોને દાન કરવુ હોય તે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે શ્રી શામળાજી વિષ્ણું મંદિર ટ્રસ્ટ સંચાલિત ગૌ-શાળામાં સંપર્ક કરે તેમ જણાવ્યું હતું.

# મહુડી ગામેથી ઈંટો ભરેલ ટ્રેક્ટર ચોરાયું

**અરવલ્લી પોલીસે કલાકોમાં મહીસાગરના અંતરિયાળ વિસ્તારમાંથી ટ્રેક્ટર સાથે આરોપીને દબોચ્યો**

અરવલ્લી જીલ્લામાં ચોર-લૂંટારુ ગેંગ બંધ મકાનો, મંદિરો અને બેંકના એટીએમ ને નિશાન બનાવી ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે તસ્કરોને મોકળું મેદાન મળ્યું હોય તેવા દ્રશ્યો



સામાન્ય બન્યા છે ત્યારે મેઘરજ તાલુકાના મહુડી (શણગાલ) ગામના ભરતભાઈ ગોરધનભાઈ પ્રજાપતિના ઘર આગળ પાર્ક કરેલ ઈંટો ભરેલ ટ્રેક્ટરની ચોરી થતા ટ્રેક્ટર માલીક સહીત ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.

ટ્રેક્ટર ચોરીની ઘટના ઈસરી પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસતંત્રએ વિવિધ ટીમો બનાવી બાતમીના આધારે લુણાવાડા ના ખાનપુર-બકોર નજીકથી અંતરિયાળ વિસ્તારમાંથી ઈંટો ભરેલ ટ્રેક્ટરની ચોરી કરનાર લાલા લક્ષ્મણભાઈ ખાંટ (રહે, કુંભાયડી, મહીસાગર) ને ચોરેલ ટ્રેક્ટર સાથે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

મેઘરજ તાલુકાના મહુડી (શણગાલ) ગામે ઈંટોનો ધંધાર્થી ભરતભાઈ ગોરધનભાઈ પ્રજાપતિએ તેમના ઘર આગળ સ્વરાજ કંપનીનું ટ્રેક્ટર અને ઈંટો ભરેલ ટ્રોલી મળી કુલ રૂ.૪૩૦૦૦૦/- ની ચોરી થતા આ અંગે ગુન્હો ઈસરી પોલીસ સ્ટેશનમાં નોંધાતા ઈસરી પી.આઈ આર.એસ.તાવીયાડ અને મેઘરજ પીએસઆઈ કે.એસ.સીસોદીયા એ અલગ-અલગ ટીમો બનાવી બાતમીના આધારે મહીસાગરના ખાનપુર તાલુકા નજીક આવેલ બાકોર- પુનાવાડાના અંતરિયાળ વિસ્તારમાં ચોરીને સંતાડી રાખેલ ઈંટો ભરેલ ટ્રેક્ટર સાથે ટ્રેક્ટર ચોરનાર લાલા લક્ષ્મણભાઈ ખાંટ (રહે, કુંભાયડી,મહીસાગર)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી પોલીસતંત્રએ ગણતરીના કલાકોમાં ઘર આગળ પાર્ક થયેલ ટ્રેક્ટર સાથે પુરેપુરા મુદ્દામાલની રિકવર થતા લોકોએ પોલીસતંત્રની કામગીરીની સરાહના કરી હતી

# પાણી પુરવઠા તંત્રની બેદરકારીનો ભોગ બનતા ખેડૂતો

**સાતરડા ગામ નજીક પાઈપલાઈનમાં ભંગાણથી ખેતરમાં ઉભા ઘઉંનો સોથ વળ્યો**





મોડાસા, તા.૧૩

એક બાજુ ઉનાળો દસ્તક દઈ રહ્યો છે બીજીબાજુ ઉનાળો આવતાની સાથે જ અરવલ્લી જિલ્લામાં પાઈપ લાઈનો તેટૂવા લાગે છે,અરવલ્લી જીલ્લામાં કેનાલ અને પાણી પુરવઠા તંત્રની ઘોર બેદરકારીના કારણે ભંગાણ સર્જાતા પાણીનો વેડફાટ થવાની સાથે ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતોએ મહામહેનતે પકાવેલા પાકનો સોથ વળી જતા ખેડુતોને ભારે નુકશાની સહન કરવાનો વારો આવે છે બીજીબાજુ પુરવઠા અને સિંચાઈ વિભાગ દ્વારા જાણે કોઈ જ કાળજી ન લેવાતી હોવાને કારણે આખરે ખેડૂતોએ જ ભોગવવાનો વારો આવે છે

માલપુર તાલુકાના સાતરડા ગામે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણી ખેતરોમાં ફરી વળતા ખેડૂતોના ઉભા પાકને મોટુ નુકસાન થવા પામ્યું છે.

સાતરડા ગામે ખેતરમાંથી પસાર થતી પાણી પુરવઠાની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા ઘઉંના પાકને નુકસાન થયું છે, હવે ઘઉંનો પાક લેવાની તૈયારી ખેડૂતો કરી રહ્યા હતા, જો કે બેદરકારીથી પાણીની પાઈપ લાઈન જાણે ખેડૂતો માટે અભિશાપ લઈને આવી અને ખેડૂતોની રોજી પર ફરી વળતા અધિકારીઓના પેટનું પાણી પણ ન હલ્યું હોય તેવું લાગી રહ્યું છે.

ખેડૂતોનું માનીએ તો અનેકવાર રજૂઆત કરવા છતાં પણ તેમની વાત સાંભળવામાં નહોતી આવી અને ઉડાઉ જવાબો મળ્યા હતા. એટલું જ નહીં અનેક વાર આ પ્રકારની પાણીની પાઈપલાઈન તૂટી જવાને કારણે ખેડૂતોને મોટું નુકસાન થઈ રહ્યું છે, પણ કોઈ જાણે પાણી પુરવઠા વિભાગ કેમ કાંઈ કરતી નથી તે એક સવાલ છે ખેડૂતોના મનમાં પેદા થઈ રહ્યો છે પાણી પુરવઠા વિભાગ ના કર્મચારીઓનો ખેડૂતો ને ઉદ્ધત જવાબ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો

# જસરા ખાતે મહાશિવરાત્રીના અશ્વમેળાની તડામાર તૈયારીઓ

**અશ્વમેળાને શાનદાર બનાવવા મેળા સમિતિ દ્વારા પુરજોશમાં તૈયારીઓ શરૂ**

ડીસા, તા.૧૩

ભારતના ગૌરવવંતા ઈતિહાસમાં ઘોડાઓનું વિશેષ મહત્વ રહેલ છે રાજા-મહારાજાઓ પોતાના સૈન્યમાં જાતવાન ઘોડાઓ રાખતા અને એ ઘોડાઓની મદદથી યુદ્ધ જીતતા હતા.

આ લુપ્ત થતી અશ્વ સંસ્કૃતિને બચાવવા માટે અને નવી પેઢીને તેનાથી માહિતગાર કરવા માટે જસરા ખાતે આજથી આઠ વર્ષ પહેલા જસરા ગામના યુવાન અને ઉત્સાહી સરપંચ અને જેમને અશ્વ પ્રત્યે વિશેષ લગાવ છે એવા મહેશભાઈ દવે દ્વારા જસરા ગામમાં અશ્વ મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રથમ વર્ષ થી જ ખૂબ સારો આવકાર અને સફળતા પ્રાપ્ત થઈ અને ત્યાર પછી ક્રમશઃ આ મેળો પ્રગતિકારક બનતો રહ્યો અને ગુજરાત રાજ્ય સહિત દેશભરમાં નામના પ્રાપ્ત કરતો રહ્યો.

આ મેળામાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોના અશ્વ માલિકો પોતાના જાતવાન અશ્વો લઈને જસરાના મેળામાં આવે છે આ મેળામાં વિવિધ પ્રકારની હરીફાઈઓ જેવી છે રવાળ ચાલ-પાટી દોડ-નાચ- રૂપરંગ વગેરે યોજવામાં આવે છે તેમજ અશ્વોની લે-વેચ પણ થાય છે ધીમે ધીમે આ અશ્વ મેળામાં ઊંટની પણ હરીફાઈઓ શરૂ કરવામાં આવી તેમજ લોકોને મનોરંજન મળી રહે તેના માટે વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામો અને કળાઓ પણ રજૂ કરવામાં આવે છે.

આ વખતે આ જસરામાં મહાશિવરાત્રીનો મેળો તારીખ ૧૮/૦૨/૨૦૨૦થી ૨૧/૦૨/૨૦૨૦ એમ ચાર દિવસ સુધી યોજાવાનો છે શ્રી બુઢેશ્વર મહાદેવ મેળા સમિતિ- ધ સ્ટડબુક એન્ડ હોર્સ બ્રિડર્સ ફેડરેશન અને ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના સહકારથી આ ચાર દિવસનો મેળો રંગેચંગે યોજાશે જેમાં ગુજરાત રાજસ્થાન સહિત વિવિધ રાજ્યોના અશ્વ માલિકો પોતાના જાતવાન અશ્વો લઈને મેળામાં ભાગ લેશે આ મેળામાં વિવિધ અશ્વ હરીફાઈઓ યોજાવાની છે તે મેદાન તૈયાર કરવામાં આવી રહ્યું છે સમગ્ર મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે સમગ્ર ગામને સીસીટીવી કેમેરાથી સજ્જ બનાવવામાં આવી રહ્યું છે તેમજ મેળા દરમિયાન લોકોની સુરક્ષા માટે પૂરતા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

આ મેળાને માણવા માટે ગુજરાત સરકારના મંત્રીઓ તેમજ વિવિધ પક્ષોના પદાધિકારીઓની સહકારી અને સરકારી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવાના છે ત્યારે લાખણી તાલુકાના જસરા ગામ માં આ મેળો મેળાને લઈને લોકોમાં અનેરો ઉત્સાહ જોવાઈ રહ્યો છે અને મેળા સમિતિ દ્વારા પણ આ મેળાને ચાર ચાંદ લગાવવા માટે તળાવમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે મેળાના મેદાનમાં જે વિવિધ પ્રકારના સ્ટોર લગાવવાના છે તેનું પણ બુકિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે મહાશિવરાત્રી ના દિવસે આવનાર તમામ લોકો માટે શક્કરિયાના શિરાના મહાપ્રસાદ નું પણ આયોજન કરવામાં આવનાર છે આમ જસરા જેવા નાનકડા ગામમાં મેળાને લઈને ઉત્સાહ ભર્યો માહોલ ઉભો થયો છે..

**ધનસુરાના તળાવ કિનારે**

# શ્રી શૂળપાણેશ્વર મહાદેવજીના મંદિરે જીણોદ્ધાર અને યજ્ઞ યોજાયો



ધનસુરા માં તળાવ કિનારે આવેલા શ્રી શૂળપાણેશ્વર મહાદેવજી ના મંદિરે જીણોદ્ધાર અને યજ્ઞ યોજવામાં આવ્યો હતો. શ્રી શૂળપાણેશ્વર મહાદેવજીના મંદિરે જીણોદ્ધાર કરવામાં આવ્યો હતો. અને લઘુરુદ્ર યજ્ઞ પણ યોજાયો હતો. સાથે ભગવાનના આભૂષણો પણ નવા બનાવવામાં આવ્યા હતા. આ મંદિર નવા સુધારા કરી બનાવવામાં આવ્યું છે. જેમાં યજમાનોએ ભાગ લઈ ને લાભ લીધો હતો. આ જીણોદ્ધાર અને યજ્ઞમાં સંતો મહંતો અને ગામ અને આજુબાજુના ભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભગવાનના દર્શનનો લાભ લીધો હતો.

# મોડાસામાં આડેધડ થતા બાંધકામોથી ડી.પી. રોડનું અસ્તિત્વ જોખમાયું



મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસામાં નગરપાલિકાની ભ્રષ્ટાચીરી નીતીના કારણે બેફામ બાંધકામ થઈ રહ્યા છે. જેમાં ડી.પી રોડ પર થઈ રહેલ કેટલાક બાંધકામો ગેરકાયદે હોવા છતાં પાલિકા દ્વારા ભ્રષ્ટાચાર આદારી કાયદેસર કરવામાં આવી રહ્યા હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે નગરપાલિકાના ભ્રષ્ટાચારી નીતીના પગલે ૮૦ ફુટનો ડી.પી રોડ ૩૦ ફુટ જેટલો થઈ ગયો છે. ભુ- માફીયાઓએ પાલિકાના અધિકારીઓ સામે ખનખનીયા ખખડાવી મનફાવે તેમ બાંધકામો તાણી બાંધ્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર,છેલ્લા કેટલાય સમયથી મોડાસા કોલેજ નજીક આવેલ એક કોમર્શિયલ અને રેસીડેન્સીયલ સ્કીમ બિન ખેતીના ઘોંચમાં પડી હતી. જેમાં વાત જાણે એમ હતી કે આ જમીનમાં જો બિન ખેતીની પરવાનગી લેવી હોય તો ડી.પી રોડ માટે જગ્યા ફાળવવી પડે તેમ હતી અને જો આમ કરવામાં આવે તો જમીનનો મોટો હિસ્સો રોડ માં જતો હતો. જેથી આ જમીન, ગાંધીનગર સુધી ઉંચી પહોંચ ધરાવતા એક બિલ્ડરે જમીન માલિક પાસેથી પાણીના ભાવે ખરીદી જે તે જવાબદાર અધિકારીઓ સાથે સેટીંગ કરી બીન ખેતી કરી અથવા કરાવ્યા વિના રેસીડેંસીયલ તેમજ કોમર્શીયલ બાંધકામો શરૂ કરી દીધા છે.

ટાઉન પ્લાનીંગ ના બાંધકામના નિયમનોની ઐસી તૈસી કરવામાં આવી છે જેનાથી ભવિષ્યમાં મોટી ગૂંચ ઉભી થઈ શકે તેમ છે. આવનાર દિવસોમાં જ્યારે ડી.પી.રોડ આગળ વધારવાની જરૂર પડશે ત્યારે શું થશે તે મોટો પ્રશ્ન છે આ ઉપરાંત જે લોકો પણ આ જમીન પર બનેલ મકાન કે દુકાન ખરીદશે તેમની મિલ્કત પર આજીવન ખતરો તોળાતો રહશે.

આ જમીન પર જો ગેરકાયદે બાંધકામ થઈ રહ્યુ હોય તો નગરપાલિકા અથવા તો જિલ્લા ટાઉન પ્લાનિંગ વિભાગ કેમ કોઈ પગલા લેતુ નથી કે પછી નાણાંના જોરે જમીન માલિકે બધાના હાથ બાંધી દીધા છે ....તેવી જાગૃત નાગરિકોમાં ચર્ચાએ જોર પકડ્યું છે

# કેટરર્સ લગ્ન પ્રસંગે રસોઈ બનાવવા આવ્યો ને તસ્કરો જીપડાલુ ઉઠાવી ગયા

**ડીસાની પંચાલ વાડી સામે થી ત્રણ લાખનું બોલેરો જીપડાલુ ચોરાતા પોલીસ ફરિયાદ**

ડીસા, તા.૧૩

ધાનેરાનો કેટરસ ડીસા ખાતે લગ્ન પ્રસંગમાં રસોઈ બનાવવા આવ્યો હતો. જે દરમિયાન પોતાની માલિકીનું રૂપિયા ત્રણ લાખની કિંમતનું બોલેરો જીપડાલુ તસ્કરો ઉઠાવી જતા ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. ધાનેરાની ડી.બી.પારેખ હાઈસ્કુલ પાસે આવેલ શિવનગરમા રહેતાં અને રસોઈયા નું કામકાજ કરતાં સુખદેવભાઈ ભીમારાવ પ્રજાપતિ ગત તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૦ ને સોમવારે રાત્રીના આઠેક વાગ્યાના સુમારે ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ પંચાલ સમાજની વાડીમાં લગ્ન પ્રસંગે રસોઈ બનાવવા પોતાનું જીજે-૦૧-બીયુ-૯૮૧૦ નંબરનું બોલેરો જીપડાલુ લઈને આવ્યા હતા. તેઓએ વાડી સામે જીપડાલુ મુકીને ગયા હતાં જે દરમ્યાન કોઈ અજાણ્યા તસ્કરો રૂપિયા ત્રણ લાખની કિમતનુ જીપડાલુ ચોરી કરી ગયા હતા. જો કે સુખદેવભાઈ કામકાજ પતાવી રસોડાનો સામાન ડાલામા ભરવા જતાં જીપડાલુ નજરે ન પડતાં આસપાસમા તપાસ હાથ ધરી હતી પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો. જીપડાલાના માલિક સુખદેવભાઈ પ્રજાપતિએ ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે રૂપિયા ત્રણ લાખની કિમતના જીપડાલાની ચોરી અંગે ફરીયાદ નોધાવતા પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોધી વધુ તપાસ હે.કો. દશરથભાઈ ચૌહાણ ચલાવી રહ્યા છે.

# ડીસા તાલુકા પોલીસે બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર ફેમિલી કોર્ટમાં ચાલતા ભરણપોષણ ના કેસનો આરોપી છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હતો. જેથી ડીસા તાલુકા



પોલીસે બુધવારે મોડી સાંજે વાસણા જુના ગોળીયા ગામેથી ઝડપી પાડયો હતો.

જુનાડીસા આઉટ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને હેડ કોન્સ્ટેબલ દિનેશકુમાર કીરીટલાલ પરમારે જણાવ્યું હતું કે ડીસા તાલુકાના વાસણા જુના ગોળિયા ગામના વિષ્ણુજી સુરસંગજી ઠાકોર સામે પાલનપુર ફેમિલી કોર્ટમાં ભરણપોષણનો કેસ ચાલી રહ્યો છે. ત્યારે વિષ્ણુજી છેલ્લા બે વર્ષથી કોર્ટમાં હાજર થતા ન હોય તેમ નાસતા ફરતા હોય તેઓને પકડવા માટે ડીસા તાલુકા પી.આઈ એમ.જે.ચૌધરીએ સુચના આપી હતી. જેથી બુધવારે મોડી સાંજે હે.કો. દિનેશભાઈ પરમાર, હે.કો. બચુભાઈ ગેલોત અને પો.કો. પ્રહલાદભાઈએ વાસણા જુના ગોળીયા ગામેથી વિષ્ણુજી ઠાકોરને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોડાસા ઉમિયા મંદિર ખાતે પાટોત્સવની ભક્તિભાવ પૂર્વક ભવ્ય ઉજવણી

મોડાસા ખાતે આવેલા ઉમિયા મંદિરના ભવ્ય પાટોત્સવ નિમિત્તે મોટી સંખ્યામાં કચ્છ કડવા પાટીદાર સમાજના લોકો જોડાયા હતા,, પાટોત્સવના બીજા દિવસે યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, મોડાસા ખાતે આવેલા ઉમિયા મંદિરને બે વર્ષ પૂર્ણ થતાં પાટોત્સવના પ્રથમ દિવસે ભવ્ય ભવ્ય શોભાયાત્રા નિકળી હતી, પાટોત્સવના પ્રથમ દિવસે માતાજીની ભવ્ય શોભાયાત્ર સમગ્ર મોડાસા શહેરમાં ફરી હતી, જેનો લાભ મોટી સંખ્યામાં શહેરીજનોએ લીધો હતો.

સમગ્ર મોડાસા શહેરમાં ફરીને શોભાયાત્રા નિજ મંદિર પરત ફરી હતી, જ્યાં ભક્તોએ માતાજીના ગરબા ઘૂમીને આરાધના કરી હતી,બે દિવસ ચાલેલા પાટોત્સવમાં દૂર દૂરથી ૭૨ ગામના લોકો ભક્તિ ભાવ સાથે મંદિરના દર્શનાર્થે આવ્યા હતા. ઉમિયા મંદિરના પૂજારી વિષ્ણુ પ્રસાદ શાસ્ત્રી દ્વારા પાટોત્સવ નિમિત્તો વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી